# ૨. ટબૂડિયો અને શાકભાજી

♦ ચાલો ઉખાણાં ઉકેલીએ ...

૧) દુનિયામાં અમે ખૂબ જાણીતાં,
નાના મોટાં સૌનાં માનીતાં,
કોઈ અમારું શાક બનાવે,
વેફર, કાતરી બનાવી ખાયે.



બાળકોને ખૂબ ભાવતાં,
બધી ઋતુમાં અમે આવતાં,
કહી આપો કે અમે કોણ ?

૨)



નાની મોટી દૂધિયા રંગની,
હું તો છું બહુ કૂણી કૂણી,
અંદરથી હું ધોળી ધોળી,
બી પણ મારા ધોળાં ધોળાં,
કોઈ મારું શાક બનાવે,
મોજ કોઈ હલવાની માણે,
બોલો મારું નામ શું ?





મમ્મી : બેટા, ટબૂડિયા ! આ લે થેલી ને દસ રૂપિયા.

ટબૂડિયો : પણ શા માટે મમ્મી ?

મમ્મી : શેરીના નાકે લીલાભાની લારીમાંથી લીલાંછમ શાકભાજી લઈ આવ.

(લારીમાં જાતજાતનાં શાક જોઈને તે અચરજ પામી જાય છે.)

લીલાભા : બેટા ! શું આપું તને ?

(ટબૂડિયો કાંઈ બોલે તે પહેલાં તો શાકભાજી જ બોલવા લાગ્યાં !)

ટબૂડિયા એ ટબૂડિયા ! લેને અમને તું હાથમાં,
થેલીમાં નાંખીને લઈ જાને તું સાથમાં.



ટામેટાં : ટબૂ, હું તો લાલમલાલ છું.
તારા જેવા જ લીસા મારા ગાલ છે.

સૂરણ, બટાટા, શક્કરિયા : જો ટબૂ,
અમારા શરીર પર છે ખાડા
અમે માટીવાળાં અને ઉઘાડાં.

ટીંડોળાં : નાનાં નાનાં, ઠંડાં
ઠંડાં અમે તારાં
જેવાં જ ભોળાં ભોળાં



રીંગણું : મેં લીલી ટોપી માથે પહેરી ને બાજુમાં મારા ભાઈ ભુક્કાં જાડાં ઠીંગણાં.



કોબી : ટબૂ, હું તો ગોળમટોળ,
મારાં લીલાં લીલાં પડ.



દૂધી : ટબૂ, મારે એક રૂપાળી ચોટી,
નીચે વાંકું લાંબું લીલું ધડ.



ગાજર : ટબૂડિયા લઈ જા,
હલવો ખાજે ને
નહીં તો કરજે કચુંબર.



તુવેર, વાલોળ, પાપડી : ટબૂ
શું ગુનો કર્યો અમે બાપડીએ?
તૂરિયા, પરવળ, ફ્લાવર, મૂળા,
ભીંડા, લીંબુ, કંકોડાં સૌ સાથે :



ટબૂડિયા, હાથ જોડી કહીએ બેટા, લે તું અમને પણ થોડાં !

મરચાં, કોથમીર, ફુદીનો :
ભૈયા, થોડાં થૈલીમેં હમકો ભી ડાલો.

આદું : ટબૂડિયા, હું રહી જઈશ, તું મનેય લેને એકાદું.



ટબૂડિયો મનમાં વિચારે છે, બધાં શાક તો ઠીક ... પણ ... આ કારેલાં તો છે કડવાં, કારેલાંને ખોટું એવું લાગ્યું કે મંડ્યાં એ તો ટપટપ રડવાં.








ટબૂડિયો મૂંઝાઈ ગયો ... ને થઈ ગયો એકદમ ઢીલો. શું કરું ? થોડીવાર પછી એકાએક બોલ્યો, લીલાભા આ દસ રૂપિયા રાખી દો ને થેલીમાં લારીનાં શાક બધાંય થોડાં થોડાં નાખી દો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) ઝોળી | – ...................... | ૨) ગલી | – ...................... |
| ૩) નવાઈ | – ...................... | ૪) સુંવાળા | – ...................... |
| ૫) વાંક | – ...................... | ૬) નીચા | – ...................... |

**સ. ૨ યોગ્ય રીતે જોડો.**

| (અ) | (બ) |
|---|---|
| ૧) ઠંડું | ક) મીઠું |
| ૨) પાતળું | ખ) ખરબચડું |
| ૩) રૂપાળું | ગ) ગરમ |
| ૪) લીસું | ઘ) જાડું |
| ૫) કડવું | ચ) લુચ્ચું |
| ૬) ભોળું | છ) કદરૂપું |

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દો બનાવો :** દા.ત. કારેલું – કારેલાં

| | | | |
|---|---|---|---|
| ૧) રીંગણું | – ...................... | ૨) ટામેટું | – ...................... |
| ૩) બટેટું | – ...................... | ૪) તૂરિયું | – ...................... |
| ૫) શક્કરિયું | – ...................... | ૬) ગલકું | – ...................... |

**સ. ૪ શુદ્ધ જોડણી દર્શાવતા શબ્દ ફરતે ○ કરો.**

| | | |
|---|---|---|
| ૧) ટબુડ્યા | ટબુડીયા | ટબૂડિયા |
| ૨) શકરીયા | શક્કરિયા | શકરયા |
| ૩) મૂંઝવણ | મુંજવણ | મૂંજવણ |

**સ. ૫ નામ લખો.**

૧) દાણાવાળાં શાક : ........................................................
૨) કાચાં ખાવાનાં શાક : ........................................................
૩) હલવો બનાવાતાં શાક : ........................................................
૪) વઘારે પાંદડાંવાળાં શાક : ........................................................

♦ **સંભાષણ :** વિદ્યાર્થીઓ શાકભાજીનાં પાત્રો બની દરેક પોતાની વિશેષતા પાઠના આધારે તેમજ પોતાના શબ્દોમાં રજૂ કરશે.

**સ. ૬ ઓળખો જોઈએ.**

૧) મમ્મીએ શાક લેવા મોકલ્યો ........................................
૨) ટબૂડિયો મારી લારીએ શાક લેવા આવ્યો ........................................
૩) લીસાં ગાલવાળાં લાલમલાલ ........................................
૪) માટીવાળાં, ઉઘાડાં અને ખાડાવાળાં ........................................
૫) નાનાંનાનાં, ઠંડાં-ઠંડાં અને ભોળાં ભોળાં ........................................

૫) નાનાંનાનાં, ઠંડાં–ઠંડાં અને ભોળાં ભોળાં

**સ. ૭ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂરાં કરો.**

૧) કારેલાં રડવા લાગ્યાં. કારણ કે, .................................................

(ક) તે સ્વાદમાં કડવાં હતાં.

(ખ) તેને ટબૂડિયાએ લીધાં નહિ.

(ગ) તેને કડવાં કહ્યાં માટે ખોટું લાગ્યું.

૨) ટબૂડિયો મૂંઝાઈ ગયો. કારણ કે, ...............................................

(ક) કારેલાંનાં રડવાથી તે ઢીલો થઈ ગયો.

(ખ) તેને શું કરવું તે સમજાતું નહોતું.

(ગ) શાકવાળાએ તેને શાક આપવાની ના પાડી.

૩) મમ્મીએ ટબૂડિયાને દસ રૂપિયા આપ્યા. કારણ કે, ...........................

(ક) દડો લેવા માટે.

(ખ) શાકભાજી લેવા માટે.

(ગ) ભેળપૂરી ખાવા માટે.

**સ. ૮ નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

૧) મારે એક રૂપાળી ચોટી, નીચે વાંકું, લાંબું, લીલું ધડ.

૨) આ લે થેલી ને દસ રૂપિયા.

૩) બેટા ! શું આપું તને ?

**સ. ૯ આડાઅવળા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧) લીલાંછમ લીલાભાની નાકે શેરીના આવ લઈ લારીમાંથી શાકભાજી

૨) શાકભાજી જ ટબૂડિયો બોલે કંઈ બોલવાં લાગ્યાં તે પહેલાં

**સ. ૧૦ પાઠમાંથી યોગ્ય શબ્દ શોધો :** દા.ત. ટામેટાં – લાલમલાલ.

૧) ................ – માટીવાળાં અને ઉઘાડાં

૨) ટીંડોળાં – ............................

૩) કોબી – ............................

૪) ................ – કડવાં

૫) ................ – રૂપાળી ચોટી

**સ. ૧૦ જાણો છો તે લખો.**

૩) તમને ન ભાવતાં શાક – ...................., ....................
૪) સલાડ બનાવવામાં ઉપયોગી શાક – ...................., ....................



**પ્રકલ્પ**

- જુદાંજુદાં શાકભાજીનાં ચિત્રોનો સંગ્રહ કરો. તેમને તમારી રીતે વર્ગીકરણ કરીને ચાર્ટસમાં ચોંટાડો.

**હું વાંચું ... તમે પણ વાંચો**



૧) છરી મારી મને
ને રડવા બેઠા તમે ?
કેમ મને ખાતા નથી ?
શું સ્વાદહીન છો તમે ?



૨) લાલ છું, લીલું છું,
સ્વાદમાં તીખું તીખું છું,
આંખમાં પાણી લાવું છું,
તો ય તમને ભાવું છું.

૩) હું લાલ છું, લીલું છું,
લીસું ગોળગોળ છું,
ખાટું છું, મીઠું છું,
સ્વાદમાં બહુ મજાનું છું.
મારામાંથી સોસ બને,
સૂપ બને, કેચપ બને,
મારા વિના પાઉંભાજી
ફીકી ફીકી બને.





૪) પિપૂડીના આકાર જેવું,
હું છું સાવ અનેરું,
કરમચંદ જાસૂસને હું,
હતું ઘણું પ્યારું.
કચુંબર અને હલવામાં,
મારું સ્થાન નિરાળું,
કોબી, ફણસી, વટાણાને
હું છું ઘણું વહાલું.



૫) સ્વાદમાં ભલે હું કડવું,
પણ ગુણ મારા છે મીઠા,
મારો રસ જે પીએ તેના,
રોગ નાસતા દીઠા.

---

**અધ્યાપન સંકેત**



ઉખાણાં ઉકેલીને વિષયાભિમુખ કર્યા પછી પ્રસ્તુત કૃતિનું અધ્યયન નાટ્યીકરણ દ્વારા કરાવવું. લઘુપ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓનું પૂર્વજ્ઞાન ચકાસતા જઈ નવું જ્ઞાન માહિતીરૂપે આપી શકાય. પ્રત્યક્ષ શાકભાજી બતાવી બતાવીને તેને ઓળખાવવાનો તેમજ તેના ગુજરાતી નામનો પરિચય કરાવવાનો આગ્રહ રાખવો. લીલાં શાકભાજી આરોગ્ય માટે અતિશય લાભદાયી છે તે સમજાવી બાળકોને નિયમિત શાકભાજી ખાવાની પ્રેરણા આપવી. શાકભાજીના વર્તમાન ભાવો વિશે ચર્ચા કરી વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન ચકાસવું.

**શાકભાજી ખાઓ – તાજાંમાજાં થાઓ.**